RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 138, Dt.22-08-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આયુષ્યમાન યોજનામાં ૧૦ લાખ સુધીની સારવાર થશે મફત

## મોદી સરકાર યોજનામાં મોટા ફેરફાર કરવા તૈયારઃ મહિલાઓ માટે ૧૫ લાખ સુધીનો સારવાર ખર્ચ મફત કરાશેઃ ૪ લાખ હોસ્પીટલ બેડ ઉમેરવા તથા ૧૦૦ કરોડ લોકોને આવરી લેવાનો લક્ષ્યાંક

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

કેન્દ્રની મોદી સરકાર વિશ્વની સૌથી મોટી યોજનામાં મોટાપાયે ફેરફાર કરવાની તૈયારી કરી લીધી છે. આયુષ્માન ભારત યોજના હેઠળ વીમા કવચને બમણું કરીને રૂ. ૧૦ લાખ અને મહિલાઓ માટે રૂ. ૧૫ લાખ કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ખાનગી હોસ્પિટલોના ૪ લાખ બેડ ઉમેરવાની સાથે સાથે લાભાર્થીઓની સંખ્યા ૫૫ કરોડથી વધારીને ૧૦૦ કરોડ કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. એનડીએ સરકારના ત્રીજા કાર્યકાળમાં આ યોજના કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની મુખ્ય પ્રાથમિકતાઓમાંની એક તરીકે રજૂ કરવામાં આવી છે.

અહેવાલ અનુસાર ગ્રુપ ઓફ સેક્રેટરીઝ એ આ યોજના અંગેનો રિપોર્ટ પણ સબમિટ કરી દીધો છે. તેમને આગામી પાંચ વર્ષ માટે લક્ષ્યાંક અને તેમની સિદ્ધિ માટે સમયરેખા નક્કી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

સામાજિક ક્ષેત્ર માટેના ત્રક્ષાજમાં આરોગ્ય, આયુષ, રમતગમત, સંસ્કૃતિ અને શિક્ષણ સહિત નવ મંત્રાલયોનો સમાવેશ થાય છે. હવે ટૂંક સમયમાં કેબિનેટ સચિવ સમક્ષ પ્રેઝન્ટેશન આપવામાં આવી શકે છે.

આયુષ્માન ભારત યોજના મોદી સરકારની મુખ્ય આરોગ્ય યોજના છે. તે વિશ્વની સૌથી મોટી યોજના પણ કહેવાય છે. હાલમાં તે ૧૨.૩૪ કરોડ પરિવારોને આવરી લે છે. ૫૫ કરોડ લાભાર્થીઓને તેનો લાભ મળી રહ્યો છે. જેમાં પરિવાર દીઠ રૂ. ૫ લાખનું વાર્ષિક કવરેજ પૂરું પાડવામાં આવે છે. ૩૦ જૂન સુધી હોસ્પિટલમાં ૭.૩૭ કરોડ લોકોએ આ યોજનાનો લાભ લીધો હતો. અત્યાર સુધી ૧ લાખ કરોડ રૂપિયા સુધી ખર્ચ પહોંચી ગયો છે.




ભાજપ આ યોજનાને એનડીએ સરકારની સફળતાની ગાથાઓમાંની એક માને છે અને આ વર્ષે લોકસભા ચૂંટણી માટે પાર્ટીના મેનિફેસ્ટોમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકો સુધી તેનો કવરેજ વિસ્તારવાનું વચન આપવામાં આવ્યું છે. સચિવોના વિવિધ જૂથોને ભાજપના પસંકલ્પ પત્રથમાંથી લક્ષ્યાંક નક્કી કરવા અને તેના માટે ચૂંટણી સમયરેખાની કલ્પના કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

નવા રિપોર્ટ અનુસાર વાર્ષિક વીમા કવચની રકમ વધારીને ૧૦ લાખ રૂપિયા પ્રતિ પરિવાર કરવામાં આવી શકે છે. જ્યારે મહિલાઓના કિસ્સામાં ચોક્કસ રોગ અને ચોક્કસ પરિસ્થિતિઓ માટે આ કવર ૧૫ લાખ રૂપિયા સુધી વધારી દેવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે કુલ આયુષ્માન કાર્ડમાંથી લગભગ ૪૯% યૂઝર મહિલાઓ છે. જ્યારે હોસ્પિટલમાં દાખલ કરાયેલ દર્દીઓમાં પણ લગભગ ૪૮% મહિલાઓ છે.

આ ઉપરાંત લાભાર્થીઓની સંખ્યા વધારીને ૧૦૦ કરોડ કરવાનો અને ખાનગી હોસ્પિટલની બેડની સંખ્યા ૪ લાખ સુધી વધારવાનું લક્ષ્ય રખાયું છે. હાલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ લગભગ ૭.૨૨ લાખ બેડ છે.

આ સિવાય લાભાર્થીઓની સંખ્યા વધારીને ૧૦૦ કરોડ કરવાનો અને ખાનગી હોસ્પિટલની બેડની સંખ્યામાં ૪ લાખનો વધારો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. હાલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ લગભગ ૭.૨૨ લાખ બેડ છે. મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, ફત્વ્ આયોગના સભ્ય સ્ક પોલની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિની ભલામણોને ધ્યાનમાં લીધા પછી જ ઉપરોક્ત દરખાસ્તોને ઔપચારિક બનાવીને નાણા મંત્રાલય અને કેબિનેટને મંજૂરી માટે મોકલવામાં આવશે.

## વડાપ્રધાન મોદીની યુક્રેનની મુલાકાતનું કાઉન્ટડાઉન શરૂ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન મોદી હાલ પોલેન્ડના પ્રવાસે છે. પોલેન્ડ બાદ હવે પીએમ મોદી ૨૩ ઓગસ્ટે સીધા યુક્રેન જશે. પરંતુ તે પ્લેનથી નહીં પરંતુ ટ્રેન દ્વારા યુક્રેન જશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સ્પેશિયલ ટ્રેન મારફતે પોલેન્ડથી યુક્રેન જશે. આ ટ્રેન કોઈ સામાન્ય ટ્રેન નથી. તે લક્ઝરી સુવિધાઓ અને વિશ્વ કક્ષાની સેવા માટે જાણીતું છે. આ વિશેષ ટ્રેનને ટ્રેન ફોર્સ વન તરીકે ઓળખવામાં આવે છે. રસપ્રદ વાત એ છે કે યુક્રેનની રાજધાની કિવમાં ૭ કલાક વિતાવવા માટે પીએમ મોદી ૨૦ કલાક ટ્રેન ફોર્સ વનમાં મુસાફરી કરશે.

પીએમ મોદી પોલેન્ડથી યુક્રેનની રાતોરાત પ્રવાસ કરશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૦ કલાકમાં સ્પેશિયલ ટ્રેન દ્વારા પોલેન્ડથી યુક્રેનની રાજધાની કિવ જશે. તે કિવમાં ૭ કલાક સુધી વિતાવશે. પરંતુ આ માટે તે ટ્રેન ફોર્સ વન દ્વારા ૨૦ કલાકની મુસાફરી કરશે. હવે સવાલ એ છે કે પીએમ મોદીએ પ્લેનમાં નહીં પણ ટ્રેનની મુસાફરી કેમ પસંદ કરી. તો સીધો જવાબ છે રશિયા-યુક્રેન યુદ્ધ. રશિયા સાથેના યુદ્ધને કારણે યુક્રેનમાં એરપોર્ટ બંધ છે. યુક્રેનમાં ખતરનાક રસ્તાઓને કારણે હાલમાં ટ્રેનમાં મુસાફરી કરવી સલામત માનવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે એટલે કે ૨૨મી ઓગસ્ટે ભારતીય સમય મુજબ મોડી સાંજે સ્પેશિયલ ટ્રેન દ્વારા યુક્રેનની રાજધાની કિવ જવા રવાના થશે.



પીએમ મોદી યુક્રેનની રાજધાની કિવમાં લગભગ ૭ કલાક વિતાવશે. આ દરમિયાન પીએમ મોદી રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને મળશે. આ સમય દરમિયાન, ભારત અને યુક્રેન વચ્ચે મહત્વપૂર્ણ સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર થવાની આશા છે.શું આ ટ્રેનમાં માત્ર પીએમ મોદી જ મુસાફરી કરી રહ્યા છે? તો જવાબ છે ના. પીએમ મોદી પહેલા પણ યુક્રેન-રશિયા યુદ્ધ દરમિયાન વિશ્વના ઘણા નેતાઓએ આ ટ્રેનમાં મુસાફરી કરી હતી. પીએમ મોદી પહેલા અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન પણ આ ટ્રેન ફોર્સ વનમાં મુસાફરી કરી ચૂકયા છે.


## અમદાવાદ દેશનું ત્રીજુ સૌથી પ્રદુષિત શહેરઃ AQI રાત્રે ત્રણ ગણો થઈ ગયો

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

અમદાવાદ શહેર બુધવારના રોજ દેશનું ત્રીજું સૌથી પ્રદૂષિત શહેર બન્યું હતું. એર ક્વોલિટી ઈન્ડેક્સની વેબસાઈટ પ્રમાણે, અમદાવાદમાં બુધવારે સવારે ૯ કલાકે ૫૫ અચઈ (હવાની ક્વોલિટી) હતી, જે સાંજે ૬ વાગે ૧૨૬ અને રાત્રીના ૯ વાગ્યા સુધીમાં ૧૬૩ થઈ ગયું હતું.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ની ગાઈડલાઈન કરતા શહેરની હવા પાંચ ગણી વધુ પ્રદુષિત જોવા મળી હતી. મનપાના ફાયર વિભાગે જણાવ્યું હતું કે, સરખેજ સાબર હોટલ પાસે,વાયએમસીએ ક્લબ પાછળ અને સનાથલ બ્રિજ નીચે કચરો સળગાવવામાં આવતા ધુમાડો થયો હતો અને તે હવામાં ભળતા આ વિસ્તારમાં પદૂષણ વધ્યું હતું.

અમદાવાદના ગ્યાસપુરમાં ૩૨૬ અચઈ સાથે સીધી ખરાબ હવા નોંધાઈ હતી. સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ પાસે ૨૨૦ AQI , સોની ચાલી વિસ્તારમાં ૨૧૦ AQIઅને સેટેલાઈટ, રામદેવનગર અને બોડકદેવ સહિતના વિસ્તારોમાં સરેરાશ ૧૫૦-૨૦૦ સુધી અચઈ નોંધાયું હતું. તો અંકલેશ્વરમાં પણ પ્રદૂષણ વધ્યું છે. પદૂષણની સ્થિતિમાં તકેદારી રાખવી ખૂબ જ જરૂરી છે. આ હવાનું સ્તર વ્યક્તિના સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થઈ



શકે છે. ડોકટર્સના જણાવ્યા પ્રમાણે, હવામાં પ્રદૂષણનું સ્તર વધારે હોય ત્યારે શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા, માથાનો દુખાવો જેવી પરેશાનીઓ આવી શકે છે. વાહન ચલાવતી વખતે અને મુસાફરી કરતા હોય ત્યારે માસ્ક અને ચશ્મા પહેરવાનું રાખો. શક્ય હોય તો ઘરમાં જ રહો અને ઘરના દરવાજા તેમજ બારીઓ બંધ રાખો. બાળકોને ઘરમાં રાખવા જોઈએ.

## એર ઈન્ડિયાના વિમાનમાં બોંબની ધમકીઃ તિરુવનંતપુરમ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડીંગ

■ વિમાનમાંથી ૧૩૫ યાત્રીઓને સુરક્ષિત બહાર કઢાયા




**મુખ્ય સમાચાર, કેરલ**

મુંબઈથી આવતા એર ઈન્ડિયાના વિમાનમાં બોમ્બ હોવાની સૂચના મળતા તિરુવનંતપુરમ એરપોર્ટ પર આજે સવારે ૭.૩૦ વાગ્યે ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડીંગ કરાવાયું હતું. વિમાનને આઈસોલેશન બેમાં રખાયું છે અને તપાસ કરાવાઈ રહી છે અને ૧૩૫ યાત્રીઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.

આ અંગેની વિગત મુજબ મુંબઈથી આવી રહેતા એર ઈન્ડિયાના વિમાનમાં બોમ્બ હોવાની સૂચના મળતા વિમાનમાં સવાર ૧૩૫ યાત્રીઓમાં ભય ફેલાયો હતો. તેમ શાંત રહેવાનું કહેવામાં આવ્યું હતું.

તિરુવનંતપુરમ આંતરરાષ્ટ્રીય વિમાન મથક દ્વારા જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, ફ્લાઈટમાં બોમ્બ હોવાની સૂચના મળી હતી. જેને લઈને ફ્લાઈટની ઈમરજન્સી લેન્ડીંગ કરાવાઈ હતી. વિમાન મથક પર ઈમરજન્સી જાહેર કરાઈ હતી અને ૧૩૫ યાત્રીઓને સુરક્ષિત બહાર કઢાયા હતા.

ઉલ્લેખનીય છે કે આ વિમાનમાં ૧૩૫ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. પાઈલટે તિરુવનંતપુરમ એરપોર્ટ પર પહોંચતા જ બોમ્બની ધમકીની માહિતી આપી હતી. આ વિમાનમાં ૧૩૫ મુસાફરો સવાર હતા. જોકે બોમ્બની જાણકારી મળતાં ફફડાટની સ્થિતિ સર્જાઈ હતી.

## રાજયસભામાં પ્રથમવાર NDAની બહુમતીઃ તમામ ૧૨ ઉમેદવાર બિનહરીફ થશે

### રાજયસભાની ૧૨ બેઠકોમાં સીંગલ ફોર્મ ભરાયાઃ એનડીએને ૧૧ સીટ મળશેઃ ૨૭મીએ વિધિવત પરિણામ બાદ કુલ ૨૩૭માંથી શાસક મોરચાની સભ્ય સંખ્યા ૧૧૯ની થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણીમાં ભાજપને એકલા હાથે બહુમતી મળી ન હોવા છતાં એનડીએની બહુમતીથી સરકાર બની હતી. હવે રાજયસભામાં પણ એનડીએને બહુમતી મળી જવાના સંજોગો છે. રાજયસભાની ૧૨ બેઠકોની ચુંટણીમાં તમામ ઉમેદવારો બીનહરીફ થવાના સંકેત છે. વિધિવત પરિણામ જાહેર થયા બાદ એનડીએની સભ્ય સંખ્યા ૧૧૯ થવા સાથે બહુમતી હાંસલ થઈ જશે.

દેશના ૯ રાજયોની રાજયસભાની ૧૨ બેઠકો માટે જાહેર થયેલી ચૂંટણીમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે તમામ બેઠકો પર એક-એક ઉમેદવારે જ



ઉમેદવારી નોંધાવી હતી. કોઈ પ્રતિસ્પર્ધી ન રહેતા તમામ બેઠકો બીનહરીફ થવાનુ નિશ્ચિત છે. ફોર્મ પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૭ ઓગષ્ટ છે ત્યારબાદ ચુંટણીપંચ પરિણામ જાહેર કરીને વિજેતા ઉમેદવારોની ઘોષણા કરશે. આ સાથે રાજયસભામાં એનડીએની બહુમતી થઈ જશે.

હરિયાણાની એક બેઠક પર કોંગ્રેસે પણ ઉમેદવાર ઉભા રાખવાની વિચારણા કરી હતી પરંતુ છેલ્લી ઘડીએ માંડી વાળતા હવે માત્ર ભાજપના ઉમેદવાર કિરણ ચૌધરી જ મેદાનમાં છે. આ સિવાય રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા, ઓડીશા તથા ત્રિપુરાની એક-એક બેઠક પર પણ એક જ ફોર્મ ભરાયા હતા. બિહાર, આસામ, મહારાષ્ટ્રમાં બે-બે ઉમેદવારો છે જયાં બે-બે બેઠકોની ચુંટણી છે. આજે ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ વિધિવત પરિણામ ૨૭મીએ ઘોષિત થશે.

ચૂંટણીપંચ દ્વારા સતાવાર પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ઉપલાગૃહ (રાજયસભા)માં પ્રથમ વખત એનડીએની બહુમતી થઈ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયસભામાં હાલ ૨૦ બેઠકો ખાલી છે. ૧૨ બેઠકોની ચુંટણી બાદ કુલ સભ્ય સંખ્યા ૨૩૭ થશે.

ભાજપની સભ્યસંખ્યા ૮૭થી વધીને ૯૭ અને એનડીએની ૧૧૯ની થઈ જશે. વર્તમાન ૨૩૭ સભ્યસંખ્યા ધરાવતી રાજયસભામાં ૧૧૯નો આંકડો બહુમતી માટે પુરતો છે. વર્તમાન ૧૨માંથી ૧૧ બેઠકો એનડીએના ફાળે જશે.

રાજયસભાની આ ચૂંટણીમાં કોંગ્રેસને નુકસાન છે. રાજયસભાના સભ્ય કે.સી.વેણુગોપાલ લોકસભામાં ચુંટાયા છે. આ જ રીતે બિહારના આરજેડીના મીસા ભારતી તથા દિપેન્દ્ર હુડ્ડા લોકસભામાં ચુંટાયા હતા. આ રાજયોની વિધાનસભામાં સંખ્યાબળના આધારે ભાજપને લાભ છે. આ સ્થિતિમાં ભાજપને ત્રણ બેઠકોનો ફાયદો થયો છે.

## તમામ જન્માષ્ટમી લોકમેળામાં ખાસ સુરક્ષા કવચઃ રાજકોટના ધરોહર માટે NDRF - SDRF સ્ટેન્ડ બાય

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના પડઘા હજુ શાંત થયા નથી ત્યારે રાજકોટ સહીત સૌરાષ્ટ્રભરમાં યોજાનારા વિખ્યાત જન્માષ્ટમી લોકમેળા માટે ખાસ સુરક્ષા કવચ પુરૂ પાડવામાં આવનાર છે.નાગરીકોની સુવિધા મામલે કોઈ ચાન્સ નહી લેવાનો સરકારનો વ્યુહ છે.

રાજકોટમાં યોજાતો લોકમેળો સમગ્ર ગુજરાતમાં વિખ્યાત છે અને રાજયભરમાંથી લોકો મેળો મહાલવા આવે છે ત્યારે ૪૧ વર્ષનાં ઈતિહાસમાં પ્રથમ વખત એનડીઆરએફ તથા એસડીઆરએફની ટીમોને સ્ટેન્ડ-ટુ-રાખવા માટે માંગણી કરવામાં આવી છે. સામાન્ય રીતે કુદરતી આફતો સમયે જ આ બન્ને એજન્સીઓની મદદ લેવામાં આવતી હોય છે.પરંતુ અગ્નિકાંડની ઘટના પછી તંત્ર કોઈ ચાન્સ લેવા માંગતુ ન હોય તેમ ૨૪મીથી શરૂ થતા લોકમેળામાં પાંચેય દિવસ બન્ને એજન્સીને સ્ટેન્ડબાય રહેવા માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે.

રાજકોટનાં પાંચ દિવસના લોકમેળામાં દર વર્ષે ૧૦ થી ૧૨ લાખ લોકો ઉમટતા હોય છે. ૧૯૮૩ સુધી લોકમેળાનું સંચાલન સંસ્થા હસ્તક હતું તે પછી સરકારી તંત્ર હસ્તક લઈ લેવામાં આવ્યું હતું.

રાજકોટના જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ કહ્યું કે, લોકમેળા દરમ્યાન કોઈ આફત જેવી દુર્ઘટના સર્જાવાના સંજોગોમાં સુરક્ષા બચાવ ક્ષેત્રની નિષ્ણાંત ટીમો મૌજુદ રહે તેવા આશયથી દરખાસ્ત કરવામાં આવી છે. લોકમેળાના પાંચેય દિવસ એનડીઆરએફ તથા એસડીઆરએફની ટીમોને તૈનાત રાખવા માટે રાજય સરકારને માંગ કરવામાં આવી છે.

રાજકોટમાં ગત ૨૫ મેના રોજ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ સર્જાયો હતો ૨૭ લોકો ભડથુ થઈ ગયા હતા. આ બનાવ બાદ કોર્પોરેશન તંત્રની બેદરકારી તથા ભ્રષ્ટાચારનો ખુલાસો થયો હતો. નિયમો-કાયદાઓનું પાલન કરાવાયું ન હતું.આ ઘટનાએ જબરો આક્રોશ સર્જયો હતો આ પ્રકારની કોઈ



ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે સૌરાષ્ટ્રભરનાં ભાતીગળ લોકમેળાઓમાં સુરક્ષા મુદ્દે કોઈ બાંધછોડ નહી કરવાની રણનીતિ હોવાનું મનાય છે. રાજકોટનાં લોકમેળા પૂર્વે ક્રાઉડ મેનેજમેન્ટ વિશે પણ ખાસ તાલીમ વર્કશોપ યોજાયો હતો તે પણ પ્રથમ વખત થયો હતો.પોલીસ ફાયરબ્રિગેડ આરોગ્ય નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટનાં નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

## ગુજરાતના ૪ ધારાસભ્યો વિરૂધ્ધ મહિલા અપરાધના કેસ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કોલકાતાના ડોક્ટરની બળાત્કાર-હત્યાને લઈને દેશભરમાં વિરોધ પ્રદર્શન ચાલુ છે. દરમિયાન મહારાષ્ટ્રના બદલાપુરની ઘટનાએ પણ સમગ્ર દેશને આંચકો આપ્યો હતો. લોકો રસ્તા પર ઉતરીને કડક કાયદાની માંગ કરી રહ્યા છે. પરંતુ કાયદો બનાવવાની સત્તા ધરાવતી સંસદમાં એવા સેંકડો સાંસદો છે જેમની સામે મહિલાઓ વિરૂદ્ધના ગુનાઓ સંબંધિત કેસ પેન્ડિંગ છે. એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ૧૫૧ વર્તમાન સાંસદો અને ધારાસભ્યોએ મહિલાઓ વિરૂદ્ધ અપરાધોના કેસ નોંધાયેલા છે. તેમાંથી એક તૃતિયાંશથી વધુ એટલે કે ૫૪ ભાજપ સાથે જોડાયેલા છે.ગુજરાતના ચાર વર્તમાન ધારાસભ્યો પર હાલમાં મહિલાઓ વિરૂદ્ધના ગુનાઓ સંબંધિત આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે. આ માહિતી તેમના સ્વ-ઘોષિત ચૂંટણી એફિડેવિટ્સ અને એસોસિયેશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ દ્વારા બુધવારે જાહેર કરાયેલા અહેવાલ દ્વારા પ્રકાશમાં આવી છેધારાસભ્યો સત્તાધારી ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ બંનેના છે, જેમાં દરેક પક્ષમાંથી બે ધારાસભ્યો છે. આ ઉપરાંત દમણ અને દીવના એક અપક્ષ સાંસદ પર પણ આવા કેસ છે.

આરોપોનો સામનો કરી રહેલા ધારાસભ્યોમાં રાજ્ય વિધાનસભાના ઉપાધ્યક્ષ અને પંચમહાલ જિલ્લાના શહેરા મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય જેઠાભાઈ આહિરનો પણ સમાવેશ થાય છે. આહીર પર બળાત્કાર, અપહરણ, મહિલાનો વિનયભંગ અને લગ્ન માટે ફરજ પાડવાના ઈરાદા સાથે મહિલાનું અપહરણ સહિતના ગંભીર ગુનાઓની શ્રેણીનો આરોપ છે. જેઓ ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ આરોપોનો સામનો કરે છે, જેમાં ૩૬૬, ૩૭૬, ૩૫૪, ૩૮૪, ૫૧૧, ૧૭૦, ૪૬૮, ૫૦૬ અને ૨૨(૩)નો સમાવેશ થાય છે.

અમરેલી જિલ્લાના લાઠી મતવિસ્તારના બીજેપીના અન્ય ધારાસભ્ય જનક તલાવિયા પર મહિલાની નમ્રતા અને ઘરના ઉપદ્રવને ઠેસ પહોંચાડવાના ઈરાદા સાથે હુમલો અથવા ફોજદારી બળનો આરોપ મૂકવામાં આવ્યો છે. તલાવિયા પર આઈપીસી કલમ ૩૫૪ અને ૪૫૨ હેઠળ આરોપોનો સામનો કરી રહ્યો છે.

# પોલેન્ડમાં જામસાહેબના સ્મારકને વંદન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર ભારત અને પોલેન્ડના સંબંધોમાં ગુજરાતની ભૂમિકા ઈતિહાસના પાનાઓમાં સુવર્ણ અક્ષરોમાં સચવાયેલી છેમુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પોલેન્ડના વોર્સોમાં સ્થિતજામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાના સ્મારકે શ્રદ્ધાંજલિ નસ્રવિકાસ ભી , વિરાસત ભી નાસ્રસ્ર મંત્રને સાર્થક કરે છે – પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ.જામનગરના જામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાએ ભારતીય સંસ્કૃતિ અને ગરિમાને વૈશ્વિક સ્તરે ઉજાગર કરી હતી – મંત્રી ઋષિકેશ પટેલ

દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન જામનગરના જામસાહેબ એ પોલેન્ડના ૬૦૦ થી વધુ બાળકોને ગુજરાતમાં આશરો આપીને તેમના નસ્રવાલીસ્રસ્ર ની ભૂમિકા ભજવી હતી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા. ૨૧ અને ૨૨ ઓગષ્ટ એ યુરોપના પોલેન્ડ દેશની મુલાકાતે છે.

વડાપ્રધાન એ પોલેન્ડના વોર્સોમાં સ્થિત સ્ક્વેર ઓફ ગુડ મહારાજા ખાતે ગુજરાતના (નવા નગરના)જામનગર જામસાહેબદિગ્વિજયસિંહ જાડેજાના સન્માનમાં બનાવેલ સ્મારકે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ મુલાકાતને આવકારીને ટ્વિટ માં જણાવ્યું કે, ભારત અને પોલેન્ડના સંબંધોમાં ગુજરાતની ભૂમિકા ઈતિહાસના પાનામાં સુવર્ણ અક્ષરોમાં સચવાયેલી છે.વડાપ્રધાન ની આ મુલાકાત ભારત અને પોલેન્ડ વચ્ચેના સંબંધોને વધુ સુદ્રઢ બનાવશે.રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આ મુલાકાતને ગુજરાત અને સમગ્ર દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ હોવાનું જણાવી આ મુલાકાત

વિકાસ ભી , વિરાસત ભીનાસ્રસ્ર મંત્રને સાર્થક કરે છે તેમ ઉમેર્યુ હતું.

વધુમાં મંત્રી જણાવ્યું હતું કે, જામસાહેબના નામથી વોર્સોવામાં મહારાજા સ્ટેટના સ્મારક ઉપરાંત,પોલેન્ડમાં કેટલીક સ્કૂલના નામ, રોડના નામપણ દિગ્વિજયસિંહ જાડેજાની સ્મૃતિમાં આપવામાં આવ્યા છે.

મંત્રી ઋષિકેશ પટેલ એ જામસાહેબના યોગદાનનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન થયેલા તોફાનોને કારણે પોલેન્ડના ૬૦૦ જેટલા બાળકોને ગુજરાતમાં આશ્રયનું સ્થાન આપ્યું હતું . આ બાળકોને રહેવા માટેનું ઉત્તમ સ્થાન , શિક્ષણ અને ભોજન સહિતનીજીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ પૂરી પાડી હતી .વિશ્વયુદ્ધ પૂર્ણ થઈ ગયા પછી જામ સાહેબે બધા જ બાળકોને પોલેન્ડ પરત મોકલ્યા હતા. જામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાના આ સેવાકાર્યો સમગ્ર ભારત અને ગુજરાત માટે કાયમના સંસ્મરણોબની રહ્યા છે તેમ મંત્રી ઋષિકેશ પટેલ એ ઉમેર્યુ હતું.





# યાત્રાધામ દ્વારકા બાદ હવે બેટ દ્વારકાની પણ થશે કાયાપલટ





**મુખ્ય સમાચાર,જામનગર**

૧૫૦ કરોડના ખર્ચે ટુરિસ્ટ ડેસ્ટિનેશનના આયોજનો.દ્વારકાના વિવિધ ધર્મસ્થળોના વિકાસને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. જેમાં દ્વારકાના સુદર્શન બ્રિજ તેમજ સુદામા સેતુ વિગેરેના નિર્માણ સાથે રસ્તાઓ પણ ટનાટન બની જતા અહીં આવતા યાત્રાળુઓ-પ્રવાસીઓની સંખ્યા દિવસે વધી રહી છે. આ પરિસ્થિતિમાં દ્વારકા સાથે બેટ દ્વારકાના વિવિધ સ્થળોમાં પણ વિકાસ કાર્યો માટે પ્રથમ તબક્કાના રૂપિયા ૧૫૦ કરોડની ફાળવણી સરકાર દ્વારા કરવામાં આવી છે.દેવભૂમિ દ્વારકામાં આવતા શ્રદ્ધાળુઓ, યાત્રાળુઓની સુવિધા અર્થે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ માટે સાંસદ પૂનમબેન માડમ તેમજ રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા સમયાંતરે કરવામાં આવતી રજૂઆતો તેમજ પ્રયાસોને સફળતા મળી રહી છે. જેમાં દ્વારકાના વિકાસ બાદ હવે ભગવાન કૃષ્ણની નગરી બેટ દ્વારકામાં પણ વર્લ્ડ ક્લાસ સ્તરે કાયાપલટ માટેના આયોજનો થઈ રહ્યા છે. બેટ દ્વારકાનો ત્રણ તબક્કામાં વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રથમ તબક્કા માટે રૂપિયા ૧૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.જેમાં બેટ દ્વારકાના મુખ્ય મંદિરથી બીચ સુધીના વિસ્તારને કરોડો રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવશે. ડોલ્ફિન માટે જાણીતો એક માત્ર બેટ દ્વારકાનો નોર્થ પદમ બીચ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. આગામી સમયમાં ફેઝ ૨ અને ૩ અંતર્ગત યાત્રિક સુવિધામાં પણ વધારો કરવા વિવિધ પ્રકારના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં જાણવા મળતી વિગત મુજબ બેટ દ્વારકા–હનુમાન દાંડીને સાંકળતા માર્ગ પર હેરિટેજ થીમ હેઠળ લાઈટિંગ, ભીંતચિત્રો, બેઠક વ્યવસ્થા વિગેરે ઉપરાંત પબ્લિક પાર્ક, ખાણીપીણીના સ્ટોલ, વોક–વે વિગેરે સુવિધા પણ ઉભી કરવામાં આવશે. જેનાથી અહીં નયનરમ્ય દ્રશ્યોનો લાભ યાત્રાળુઓ લઈ શકશે. બેટ દ્વારકામાં સુદર્શન સેતુના નિર્માણ બાદ યાત્રાળુઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ત્યારે દ્વારકા જિલ્લા સાથે અન્ય ધાર્મિક સ્થળો અને ઐતિહાસિક સ્થળોએ ટુરિસ્ટ ડેસ્ટિનેશનને કરોડો રૂપિયાના ખર્ચે પ્રવાસીઓ માટે વિકસાવવામાં આવી રહ્યા છે.

# વતનમાંથી પરત આવેલ શ્રમિક યુવકે ગળેફાંસો ખાઈ કર્યો આપઘાત

મોરબીના લખધીરપુર રોડ ઉપર આવેલ કઝારીયા ઈન્ફાનીટી કારખાનાની લેબર કોલોનીમા રહેતા મૂળ પશ્ચિમ બંગાળના વતની પુર્ણસીંગ ધીરેનસીંગ આદિવાસી ઉવ.૨૧ આશરે ત્રણ દિવસ પહેલા પોતાના વતનમાથી આવી કઝારીયા ઈન્ફાનીટી કારખાનામા કામ કરતો હોય પરંતુ તેને ગમતુ ન હોય અને ગુમસુમ રહેતો હોય ત્યારે ગઈકાલ તા.૨૧/૦૮ના રોજ મોરબી તાલુકા ઘુટુ ગામની સીમમા આવેલ એન્ટીક માર્ગોનાઈટ કારખાનાની બાઉન્ડ્રીની દીવાલના બહારના ભાગે દીવાલ પર લાગેલ લોખંડના એંગલ સાથે પોતાની જાતે ગળાંફાસો ખાઈ લેતા પુર્ણસીંગનું મૃત્યુ નીપજ્યું હતું . ત્યારે પોલીસે ઈન્કવેસ્ટ પંચનામું કરી લાશને પીએમ માટે સોંપી આપતા મોરબી સરકારી હોસ્પિટલ ખાતે પીએમ કરવામાં આવેલ હતું. હાલ તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી છે.

# રફાળેશ્વર ગામે આવેલ દરિયાલાલ મલ્ટીપ્લેક્સની બહાર પાર્ક કરેલ બાઈકની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ

મળતી માહિતી અનુસાર મોરબીના આલાપ રોડ સાયન્ટિફિક ઘડિયાળના કારખાનાના ક્વાર્ટરમાં રહેતા મૂળ સુ.નગર જીલ્લાના એજાર ગામના વતની કરમણભાઈ રાઘવજીભાઈ કુડેચા ઉવ.૫૩ એ ગપ તા. ૦૮ ઓગસ્ટ ના રોજ પોતાનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ રજી.નં.જીજે–૩૬–એકે–૧૮૫૭ વાળું બાઈક જેની કિ.રૂ.૫૫ હજાર જે બાઈક રફાળેશ્વર ગામ નજીક આવેલ દરિયાલાલ મલ્ટીપ્લેક્સ બહાર ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યું હતું જે બાઈકની કોઈ અજાણ્યા વાહન ચોર ઈસમ દ્વારા ચોરી કરી લઈ ગયો હોય ત્યારે કરમણભાઈ દ્વારા પ્રથમ ઈ–એફઆઈઆર બાદ અત્રેના તાલુકા પોલીસ મથકમાં રૂબરૂ ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીમાં હળવદના વૃદ્ધ લૂંટારું રીક્ષા ગેંગનો થયા શિકાર,ઉલ્ટીના બહાને ખિસ્સામાંથી ૨૦ હજાર સેરવી લીધા

મોરબીમાં ત્રણ દિવસ અગાઉ રીક્ષામાં બેસાડી અવાવરું જગ્યાએ લઈ જઈ છરીના ઘા મારી યુવકને રીક્ષા ચાલક દ્વારા લૂંટી લેવામાં આવ્યો હતો ત્યારે વધુ એક લૂંટારું રીક્ષા ગેંગ દ્વારા હળવદમાં રહેતા ૭૯ વર્ષીય વૃદ્ધને પોસ્ટ ઓફિસથી રીક્ષામાં બેસાડી જે રીક્ષામાં સાથે મુસાફરના સ્વાંગમાં પહેલેથી બેસેલ અજાણ્યા પુરુષ દ્વારા ઉલ્ટીનું બહાનું કરી વૃદ્ધના ખિસ્સામાંથી ૨૦ હજારની રકમ સેરવી લીધાની અત્રેના એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે લૂંટારું રીક્ષા ગેંગને ઝડપી પાડવા વિવિધ દિશામાં તપાસની તજવીજ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર હળવદની સરા ચોકડી નજીક વસંત પાર્કમાં રહેતા મહિપતરામ ભવાનીશંકર રાવલ ઉવ.૭૯ ગત તા.૨૯/૦૭ના રોજ મોરબીની પરાબજાર પોસ્ટ ઓફીસ ખાતેથી પૈસા ઉપાડી પોસ્ટ ઓફીસ બહાર રીક્ષા માટે ઉભા હોય ત્યારે એક સીએનજી રીક્ષા આવતા તેમાં વૃદ્ધ બેસી ગયા હતા ત્યારે પરાબજાર પોસ્ટ ઓફિસથી મણીમંદિર વચ્ચે રીક્ષામાં પહેલેથી મુસાફરને સ્વાંગમાં બેઠેલા અજાણ્યા પુરુષે ઉલ્ટીનું બહાનું કરી વૃદ્ધની નજર ચૂકવી લેંઘાના ખિસ્સામાં રહેલા ૨૦,૦૦૦/– સેરવી લીધા હતા. ત્યારે હાલ વૃદ્ધ દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા રીક્ષા ચાલક તથા રીક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેઠેલા અજાણ્યા પુરુષ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલના રૂપાવટી ગામે યુવાન ૮૦ ફૂટ ઉંડા કુવામાં ખાબક્યોઃ રાત આખી પાઈપ પકડી લટકી રહ્યો

ગોંડલ તાલુકાના રૂપાવટી ગામની સિમ વિસ્તારમાં આવેલા ૮૦ ફટ જેટલા ઊંડા કુવામાં ગત રાત્રિના એક યુવાન પડી ગયો હતો. આ ઘટનાની જાણકારી મળતાં ગોંડલ નગરપાલિકાના ફાયર સ્ટાફના તરવૈયાએ સહી સલામત બહાર કાઢયો હતો. કુવામાં પડી ગયેલો યુવક આખી રાત એક પાઈપને પકડીને લટકી રહ્યો હતો.તાલુકાના રૂપાવટી ગામની સીમમાં જયુભા રાયજાદાની વાડીમાં આવેલા ૮૦ ફટ ઊંડા કુવામાં ગત રાત્રિના રૂપાવટી રહેતા સંજય રમેશ ચારોલીયા નામનો યુવાન કુવામાં પડી ગયો હતો. જેની જાણ વાડી માલિકે ગામના પુર્વે સરપંચ મહેન્દ્રસિંહ રાયજાદાને કરતા તેમણે ગોંડલ નગરપાલિકા ફાયર વિભાગને જાણ કરતા ફાયરના તરવૈયાઓ કિશોરભાઈ ગોહીલ, અંશુમનસિંહ મકવાણા સહિત રુપાવટી દોડી જઈ કુવામાં દોરડા



અને ખાટલો નાખી યુવાનને બહાર કાઢ્યો હતો.

# નવયુગ કોલેજ માં CPR, આકસ્મિક બચાવકાર્ય અંગે સેમિનાર યોજાયો





**મુખ્ય સમાચાર,મોરબી**

નવયુગ કોલેજમાં સુરેશભાઈ ગામી દ્વારા ઇ. જભ ના વિદ્યાર્થીઓને ઈડછ અને આકસ્મિક સમયે બચાવ કાર્ય કરતી વખતે કેવી સાવચેતી રાખવી તે અંગે સંપૂર્ણ માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

સુરેશભાઈ ગામી ફર્સ્ટ એડ માસ્ટર ટ્રેનર, તેમજ ફર્સ્ટ મેડીકલ રિસ્પોન્ડર, શોશ્યલ અને ઈમરજન્સી રોસ્પોન્સ વોલેન્ટયર તથા ઈડછ નાં નેશનલ ફેસીલીટર છે. તેઓ ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટનાં કન્સલ્ટન્ટ રહી ચુક્યા છે, રેડ ક્રોસના ડીરેક્ટર રહી ચુક્યા છે, ગુજએડ ડીઝાસ્ટર એન્ડ ફર્સ્ટ એડ ફાઉંડેશન નાં ચીફ ટ્રેઈનર અને પ્રોગ્રામ સ્પેશિયાલીસ્ટ હતા. આ સેમિનાર પ્રમુખશ્રી પી. ડી. કાંજીયા સાહેબ ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો

# જામનગરમાં MBBSમાં અભ્યાસ કરતા ૧૯ વર્ષીય યુવાનનું હાર્ટ–એટેકથી મોત

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં MBBSમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી જિમમાં કસરત કરતી વખતે ઢળી પડ્યો હતો, જેથી તેને હોસ્પિટલમાં ખસેડાતાં તેનું મોત નીપજ્યું છે. એને પગલે તેના પરિવારમાં શોકનો માહોલો છવાયો છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.જિમમાં ગયા બાદ અચાનક યુવક પડી જતાં દોડધામ મચી.જામનગર શહેરમાં MBBSમાં અભ્યાસ કરતા ૧૯ વર્ષના વિદ્યાર્થી યુવકનું હાર્ટ–એટેકથી મોત નીપજતાં શહેરમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. આ અંગેની મળતી માહિતી મુજબ, પીજીવીસીએલમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હેમંતભાઈ મગનલાલ માણેક નામના અધિકારીનો પુત્ર કિશન હેમંતભાઈ માણેક (ઉં.૧૯) જામનગરની મેડિકલ કોલેજમાં MBBSમાં અભ્યાસ કરી રહ્યો હતો. ગઈકાલે તબીબ વિદ્યાર્થી જિમમાં ગયા બાદ ઢળી પડ્યો હતો, જેથી જિમમાં દોડધામ મચી ગઈ હતી.



યુવકને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજયાનું ફરજ પરના તબીબોએ જાહેર કર્યું હતું.યુવાન પુત્રના મોતથી PGVCL અધિકારીના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. છેલ્લા ઘણા સમયથી જામનગર અને દ્વારકા સહિત સમગ્ર દેશભરમાં યુવાનોમાં હૃદયરોગના હુમલાનું પ્રમાણ સતત વધતું જાય છે.જામનગરમાં આવેલા એક જિમમાં કેટલાય યુવકો કસરત કરી રહ્યા હતા. ત્યારે આ વિદ્યાર્થી પણ ત્યાં કસરત કરી રહ્યો હતો.

# જેતપુર પથંકમાં ચાલતા શ્રાવણીયા જુગાર પર રૂરલ એબસીબી ત્રાટકી

## જુદાજુદા ત્રણ દરોડામાં આઠ મહિલા સાહિત ૧૬ પુરૂષોની ધરપકડ, રૂા.૧.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર,જેતપુર**

જેતપુર પંથકમાં અમરનગર, દેવકીગાલોળ, તેમજ શહેરના ટાકુડીપરામાં જુગારની રેડ દરમ્યાન ૮ મહિલાઓ અને ૧૬ પુરૂષો મળી કુલ ૨૪ શખ્સોને રૂ.૧.૯૫ લાખની રોકડ સાથે પોલીસે પકડી પાડતા ફફડાટ વ્યાપી ગયો છે.

રૂરલ એલસીબીના ગતરોજ પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન બાતમી મળેલ કે દેવકી ગાલોળની સીમમાં આવેલ કારખાનાની બાજુમાં જુગાર રમાતો હોય. જે બાતમીના આધારે સીમમાં આવેલ વાઘેશ્વરી પ્રીન્ટ નામના કારખાના પાસે રેડ કરી તીનપતીનો જુગાર રમતા કેયુર વિનુભાઈ સતાસીયા(દેવકીગાલોળ), દિનેશ બચુભાઈ સૌશીયા (રહે. બામલગઢ), અરવિંદ દેવરાજભાઈ દેવરાજભાઈ વઘાસીયા (થાણાગાલોળ) વઘાસ નરેશ દેવજીભાઈ કયાડા(દેવકીગાલોળ), પંકજ પોપટભાઈ હરખાણી (ટાકુડીપરા- જેતપુર), મહેન્દ્ર વજુભાઈ રૂપાપરા (અમરનગર રોડ- જેતપુર), ભગવાનજી રવજીભાઈ વાઘાણી (ચારણ સમઢીયાળા), હિતેષ ચનાભાઈ ચૌહાણ(ખીરસરા) તમામ શખ્સોને કુલ રોકડ રૂ.૧,૫૯,૧૦૦ સાથે પકડી પાડી આગળની કાર્યવાહી ાર્યવાહી માટે માટે તાલુકા પોલીસને સોંપી આપેલ.


બીજી રેડમાં તાલુકા પોલીસે અમરનગર ગામે કામગીરીમાં જવેર ડાઈંગ વેલજીભાઈ રામોદીયાની વાડી પાસે બાવળની ડારમાં તીનપત્તીનો જુગાર રમતા વાડીમાલીક ઝવેશ વાલજીભાઈ



રામરેલીયા, વિષ્ણુ મગનભાઈ વસોયા, કિશોર ઝાલાભાઈ ? વેકરીયા, નિકુંજ ધીરૂભાઈ વઠાલીયા, મુકેશ વાઘાભાઈ મોરબીયા, વિજય જેન્તીભાઈ સાંગાણી (રહેગામ અમરનગર) મનસુખ કેશુભાઈ ભેસાણીયા (બાટવા દેવકી), મહેશ ભીખુભાઈ ડોબરીયા (વાડાસડા) તમામ શખ્સોએ રોકડ રૂ. ૨૯.૪૦૦ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

ત્રીજી રેડમાં સીટી પોલીસે રેડ કરી તીનપત્તીનો જુગાર રમતી મહિલાઓ સવીતાબેન રાજેશભાઈ અઘેરા, વનાબેન મુકેશભાઈ પલ્લવીબેન જયેશભાઈ જાદવ, જયુશ્રીબેન દિલીપભાઈ સરવૈયા, મંજુલાબેન રમેશભાઈ રીબડીયા (રહે તમામ ટાકુડીપરા) ભગવતીબેન ઉર્ફે ભકિતબેન કિશનભાઈ ગોંડલીયા, (પીઠડીયા) આઠેય મહિલાઓ પાસેથી રોકડ રૂ.૧૧,૩૧૦ કબ્જે કરી રાત્રીના ૧૨ વાગ્યા હોય તમામ મહિલાઓને સવારે પોલીસ સ્ટેશન હાજર થવા જણાવી તમામ વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કાલાવડ તાલુકાના રીનારી ગામે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરાયું





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર પશુપાલન શાખા, જિલ્લા પંચાયત- જામનગર સંચાલિત પશુ દવાખાના કાલાવડ દ્વારા રીનારી ગામે પશુ આરોગ્ય મેળા (ડઅખ) નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રીનારી ગામના ૫૧ પશુપાલક લાભાર્થીઓના ૩૪૮ પશુઓને મેડીસીન, ગાયનેક, સર્જરી અને ખસીકરણની વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. તેમજ પશુપાલકોને કૃમિનાશક દવાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત પશુચિકિત્સા અધિકારી ડો. પ્રકાશ લીંબાચીયા દ્વારા ગામના પશુપાલક લાભાર્થીઓને પશુપાલન વિભાગ, રાજ્ય સરકારની વિવિધ સહાયકારી યોજનાઓ વિશે અને આગામી માસમાં યોજાનાર ૨૧ મી પશુધન વસ્તી ગણતરીના આયોજન વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ જામનગર જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીની કામગીરી અને પ્રાણીઓ વિરુદ્ધ ક્રૂરતા રોકવા અંગેના કાયદા વિશે ઉપસ્થિત સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમ નાયબ પશુપાલન નિયામક ડો.તેજસ શુકલ, જિલ્લા પંચાયત, જામનગર દ્વારા જણાવાયું છે.

# કોલકાતાના મહિલા તબીબ સાથેના દુષ્કર્મ કેસમાં સિવિલના ડોકટર્સ દ્વારા યોજાઈ કેન્ડલ માર્ચ







(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગઈકાલે કોલકાતાની મેડિકલ કોલેજ માં મહિલા રેસીડન્ટ ડોક્ટર પર થયેલ દુષ્કર્મ અને હત્યા ની બાબતના વિરોધ માં દેશ ભરમાં ચાલી રહેલ હડતાળ અને વિરોધ પ્રદર્શન ના ભાગ રૂપે પીડિયુ સિવિલ હોસ્પિટલ ના ડોક્ટર્સ દ્વારા પીડિતા ની શ્રદ્ધાંજલિ તેમજ જાહેરજનતા સુધી પણ આ ક્રૂર બનાવ અંગે જાગૃત કરવા તેમજ દરેક નાગરિક પીડિતાને ન્યાય અપાવવા આગળ આવે અને ભવિષ્યમાં પણ આવી કોઈ ઘટના ના બને તે માટે શાંતિપૂર્વક કેન્ડેલ માર્ચ નુ આયોજન કરાયું હતું. ડોકટર્સ દ્વારા લોકોને નાટક ભજવી માહિતગાર કરાયા હતા. કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ–હત્યાના બનાવ બાદ ગુજરાતભરના રેસિડન્ટ ડોક્ટરો હડતાલ પર ઊતર્યા હતા. ૧૬ ઓગસ્ટથી ઈમર્જન્સી સેવા સિવાયની તમામ સેવાઓ અનિશ્ચિત કાળ સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. આમ, ૧૬ ઓગસ્ટથી આજે ૨૧ ઓગસ્ટ સુધી એટલે કે છઠ્ઠા દિવસે પણ તબીબોની હડતાલ યથાવત રહી હતી, જોકે આજે સાંજે આ હડતાલનો અંત આવી ગયો છે. આ હડતાલ અંગે જુનિયર ડોક્ટર એસોસિયેશને જણાવ્યું હતું કે આજે ઈછ્છાત્રતહેનાત કરવા સહિતની અમારી સુરક્ષા અંગે રાજ્ય સરકાર દ્વારા તમામ માગો પૂરી કરવાની ખાતરી આપવામાં આવી છે, જેથી અમે બીજે મેડિકલ કોલેજના જુનિયર ડોક્ટર હડતાલ પૂર્ણ કરવા સહમત થયા છે.

## જબલપુર ડિવિઝન માં બ્લોકના લીધે સોમનાથ-જબલપુર એક્સપ્રેસ ટ્રેન બદલાયેલા રૂટ પર દોડશે

મુખ્ય સમાચાર,રાજકોટ



પશ્ચિમ મધ્ય રેલવેના જબલપુર ડિવિઝનના કટની મુરવારા–બીના સેક્શન પર દમોહ સ્ટેશન પર ત્રીજી લાઈન પર ચાલી રહેલા નોન-ઈન્ટરલોકિંગ કામને કારણે, ૨૬ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે રાજકોટ ડિવિઝન માં થી પસાર થતી સોમનાથ–જબલપુર એક્સપ્રેસ ટ્રેન બદલાયેલા રૂટ પર ચાલશે. ડાયવર્ટ કરાયેલા રૂટ પર ચાલવા વાળી ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ ૧. ટ્રેન નંબર ૧૧૪૬૫ સોમનાથ – જબલપુર એક્સપ્રેસ (દ્વિ–સાપ્તાહિક) ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ શરૂ થનારી મુસાફરી માટે ભોપાલ, ઈટારસી અને જબલપુર સ્ટેશનના રસ્તા ડાયવર્ટ કરવામાં આવશે. ૨. ટ્રેન નંબર ૧૧૪૬૬ જબલપુર – સોમનાથ એક્સપ્રેસ (દ્વિ–સાપ્તાહિક) ૨૬, ૩૦ ઓગસ્ટ અને ૦૨, ૦૬, ૦૯ અને ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ શરૂ થનારી મુસાફરી માટે જબલપુર, ઈટારસી અને ભોપાલ સ્ટેશનના રસ્તા ડાયવર્ટ કરવામાં આવશે.


## ૧૦૮ સેવાને ૧૭ વર્ષ પુરા : ૧૫.૫૨ લાખથી વધુ લોકોના જીવ બચાવ્યા

### ૨૦ લાખ ૨૮ હજારથી વધુ ઈમરજન્સી અને ૧૬ લાખ ૩૮ હજારથી વધુ લોકોને તાત્કાલીક સારવાર અપાઈ

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજય સરકાર દ્વારા દર્દીઓને તાત્કાલિક સારવાર આપવાના ઉદ્દેશ સાથે ૨૦૦૭માં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની શરૂઆત કરી હતી. આ સેવાને ૧૭ વર્ષ પુરા થવા જઈ રહ્યા હતાં. આ ૧૭ વર્ષમાં અંદાજે ૧૫.૫૨ લાખથી વધુ લોકોના જીવ બચાવાયા છે. જયારે અત્યાર સુધીમાં ૧.૪૩ લાખ બાળકોના જન્મ એમ્બ્યુલન્સમાં થયા છે.

મેડિકલ ઈમરજન્સી જેવી કે હૃદયરોગ, કેન્સર, કીડની, પ્રસૂતિ સંબંધિત, ઝેરી જીવજંતુ કરડવું, મારામારીમાં ઘવાયેલ, ગંભીર બીમારી અને દાઝી જવાથી થતી ગંભીર ઈજાઓ, રોડ અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત, બીમાર નવજાત શિશુ વગેરે જેવી મેડિકલ ઈમરજન્સીમાં ૨૪ કલાક કાર્યરત અદ્યતન એમ્બ્યુલન્સ સેવા નિઃશુલ્ક મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા ૧૦૮ સેવાની શરૂઆત ૨૯ ઓગસ્ટ ૨૦૦૭ના રોજ કરવામાં આવી હતી. આ ૧૦૮ યોજનાનું લોકાર્પણ આપણા હાલના વડાપ્રધાન તથા તત્કાલીન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. ૧૦૮ જીવીકે ઈએમઆરઆઈના ચીફ ઓપરેટિંગ ઓફિસર જશંવત પ્રજાપતિના જણાવ્યા અનુસાર, ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા થકી ૧.૬૩ કરોડ કરતા વધારે લોકોને કટોકટી (મેડિકલ)ના સમયમાં સેવા, ૨.૩૧ લાખથી વધુ પોલીસ અને ૬ હજારથી વધુ ફાયર આમ, કુલ ૧.૬૬ કરોડથી વધુ કોલ એટેન્ડ કરીને સેવા આપવામાં આવી છે.એટલું જ નહીં, ૧૫.૫૨ લાખથી વધુ વિકટ પરિસ્થિતિમાં મુકાયેલી મહામૂલી માનવ જિંદગીઓનો બચાવ કરવામાં આવ્યો છે. જ્યારે ૫૫.૨૫ લાખ કરતાં વધારે પ્રસૂતા માતાને કટોકટીની સ્થિતિમાં તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા ૧,૪૩,૪૩૨થી વધુ ઘટના સ્થળે પ્રસૂતિઓમાં મદદ કરવામાં આવી છે. ૧૦૮ સેવા માટે આવતા કોલ્સ પૈકી મોટાભાગના કોલ્સ પ્રસૂતા માતાઓ માટે ઈમરજન્સી સેવાને લગતા હોય છે. ગુજરાત રાજ્યમાં માતા અને બાળ




મૃત્યુદરના સૂચકાંકને લગતા સરકારના લક્ષ્યાંકોને સિદ્ધ કરવામાં ૧૦૮ સેવાનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.આ ઉપરાંત રોડ અકસ્માત સંબંધિત ૨૦ લાખ ૨૮ હજારથી વધુ ઈમર્જન્સી તેમજ ૧૬ લાખ ૩૮ હજારથી પણ વધુ લોકોને તાત્કાલિક સારવાર આપીને તેમના જીવ બચાવવામાં આવ્યા છે.

## ૭ ન્યુઝ ગુજરાતી ચેનલના ઓનર – એડિટર હિતેશકુમાર જી. રાઠોડનો આજે જન્મદિવસ

મુખ્ય સમાચાર,રાજકોટ



૭ ન્યુઝ ગુજરાતી ચેનલના ઓનર – એડિટર હિતેશકુમાર જી. રાઠોડનો આજે તેના પ્રગતિશીલ જીવનો ૩૮મો જન્મદિવસ છે. ગુજરાતના વિશાળ મીડીયા ક્ષેત્રની ન્યુઝ એજન્સી, નેશનલ ન્યુઝ ચેનલ સાથે વર્ષો થી સંકળાયેલ છે. હાલમાં અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિમાં રાજકોટ શહેર મહામંત્રી, તેમજ ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમસ્ત રાજકોટ શ્યામવાડી ટ્રસ્ટી મંડળના સભ્ય, બાલંભા સંગઠન મંડળ રાજકોટના સંગઠન મંત્રી તરીકેની નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવી રહ્યા છે. પત્રકારત્વજગતની ચોથી જાગીર તરીકેની છાપને વધુ ઉજાગર કરી. ખંત,ખૂમારી અને ખેલદિલી તેમના વ્યક્તિત્વની આગવી ઓળખ છે. મીડિયા જગતના મિત્ર વર્તુળ, રાજકીય આગેવાન,કર્મચારીઓ, ધાર્મિક જગ્યાના સંતો – મહંતો, સામાજીક સંસ્થાઓના અગ્રણીઓ, સંબંધીઓ દ્વારા મો.૯૦૯૯૦ ૨૫૧૧૩ ઉપર સતત અભિનંદન વર્ષા થઈ રહી છે.

## અંબિકા ટાઉનશિપમાં બિનઅધિકૃત દબાણ દૂર કરવા અપાયું આવેદન





(તસ્વીરઃ આનંદ જાવિયા)

વોર્ડ નંબર ૧૧ માં અંબિકા ટાઉનશિપમાં શ્રીનાથજી પાર્કમાં અનૈતિક પ્રવૃત્તિ (દારૂનું વેચાણ) જે અવૈધ જગ્યાનું દબાણ પણ છે ત્યાંથી થાય છે, એ બાબતે અવાર–નવાર મૌખિક અને લેખિત રજૂઆત કરેલ છે, તેમ છતાં ફક્ત ને ફક્ત ખાલી દિલાસાઓ અને ખોટા વાયદાઓ જ આપવામાં આવ્યા છે, દબાણ હટાવા માટે ની કોઈ પણ પ્રકાર ની કાયદેસરની કામગીરી કરવામાં આવેલ નથી. આ અંગે રહેવાસીઓએ તંત્ર દ્વારા આ દબાણ હટાવાની કામગીરી કેટલો સમયમાં કરી આપો છો? તે લેખિતમાં આપવા વિનંતી કરી છે. સોસાયટીના કુલ ૩ મુખ્ય માર્ગ ફાળવવામાં આવ્યા છે, રસ્તા નંબર ૨ અને ૩ અમારા ઉપયોગ માટે ખુલા છે અને રસ્તો નંબર ૧ નકશામાં છે પણ અમો રહીશો ઉપયોગ કરી શકતા નથી કારણ કે તેના પણ ગેરકાયદેસરના કાચા–પાક્કા બાંધ–કામ કરેલ છે, અને હજુ નવા–નવા ગેરકાયદેસર બાંધ–કામ ચાલુ છે, તેના પર વીજળીનું ગેરકાયદેસર કનેકશન પણ ઉપયોગ કરે છે, એ જગ્યા જો અમારો હક્ક હોવા છતાં જો અમને ઉપયોગ કરવા માટે તમે ખુલ્લી કરાવી ના શકો તો બીજા પણ ઉપયોગ કરી ના શકે એવી મંજૂરી અમો રહીશોને આપો.

## સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા છઠ્ઠા દિવસે હડતાળ યથાવતઃ સફાઈ અભિયાન હાથ ધર્યુ



રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કોલકાતાની જઘન્ય ઘટનાના વિરોધમાં જૂનિયર તબીબોએ શરૂ કરેલી હડતાળ દરમિયાન તબીબો રચનાત્મક, સેવાકીય કાર્ય હાથ ધરતા હોવાની વિગતો મળી રહી છે. હડતાળના છઠ્ઠા દિવસે જુનિયર ડોક્ટર ભાઈ–બહેનોએ હોસ્પિટલના પ્રાંગણમાં જૂદા જુદા વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધર્યુ હતું આ તકે તબીબોએ જણાવ્યું હતું કે, પીડિતા તબીબના પરિવારજનોને ન્યાય મળે અને આરોપીને આકરી સજાની માંગ માટે શરૂ કરાયેલ હડતાલ દરમિયાન અગાઉ કેન્ડલ માર્ચ અને રક્તદાન કેમ્પના આયોજનની જેમ આજે સફાઈ અભિયાન હાથ ધરાયું હતું અને રાત્રીના લોકજાગૃત્તિ માટે બીજી વખત કેન્ડલ માર્ચ યોજાશે.

## વી.વી.પી. ઈજનેરી કોલેજ, આર્કીટિકચર અને સ્કૂલ ઓફ ડિઝાઈન કોલેજોમાં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી

મુખ્ય સમાચાર,રાજકોટ

વી.વી.પી. એન્જીનીયરીંગ , આર્કીટેકચર અને સ્કૂલ ઓફ ડીઝાઈન કોલેજોમાં ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર અને ભવ્ય ઉજવણી કરવામાં આવી આ તકે વી.વી.પી. ફાઈન આર્ટસ કલબના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સુશોભન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે કીચ આર્કીટેકચરલ પ્રોડક્ટસ પ્રા. લી. ના શ્રી ચિમનભાઈ હાપાણી તથા શ્રી ભરતભાઈ હાપાણી, વી.વી.પી. ના ટ્રસ્ટીશ્રી ડો. નવીનભાઈ શેઠ, વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના પ્રીન્સીપાલશ્રી ડો. પીયુષભાઈ વણઝારા, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેકચર કોલેજના પ્રીન્સીપાલશ્રી દેવાંગભાઈ પારેખ, કીચ સ્કૂલ ઓફ ડિઝાઈન કોલેજના પ્રિન્સીપાલ શ્રી શૈલીબેન ત્રિવેદી તેમજ ત્રણે કોલેજના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એન.સી.સી. કેડેટસના એસ્કોર્ટિંગ સાથે ધ્વજવંદન થયા બાદ શ્રી ભરતભાઈ હાપાણીએ ટકોર કરતા જણાવ્યું હતું કે, આપણે ગુલામીની માનસિકતામાંથી બહાર આવવું પડશે. આપણે ઘણા વર્ષોની ગુલામીમાંથી સંઘર્ષ કરી આઝાદી મેળવી છે હજુ પણ આપણે ઘણી બધી સોશિયલ વેબસાઈટસના ગુલામ થતા જઈએ છીએ તેમાંથી મુક્ત થઈ આઝાદી મેળવવી પડશે આપણી જાત સાથે રહેવા સ્વતંત્ર થવુ પડશે તો આપણે આપણા દેશ માટે આપણા માટે કંઈક કરી શકીશું આપણા દેશને વિશ્વ ગુરુ બનાવી શકીશું. વી.વી.પી.ના ટ્રસ્ટીશ્રી નવીનભાઈ શેઠે પ્રેરક ઉદબોધનમાં



જણાવેલ કે સોશિયલ મીડીયામાં સમય ન બગાડીએ અને પોતાના તથા દેશના વિકાસ માટે અવનવુ શીખીએ તથા રીસર્ચ કરી દેશના વિકાસમાં સહભાગી થઈએ. આ પ્રસંગે વી.વી.પી. કેમ્પસમાં વિવિધ જગ્યાઓ પર મહેમાનઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વી.વી.પી. ઈવેન્ટ મેનેજમેન્ટ કલબના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રીન્સીપાલ ડો. પીયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ ડો. ચાર્મીબેન પટેલ, પ્રો. ગૌરવ પરમાર, પ્રો. અમિતભાઈ પાઠક, પ્રો. સાહિલ યાજ્ઞિક તેમજ સમગ્ર કર્મચારીગણ અને વિદ્યાર્થી ગણે જહેમત ઉઠાવી હતી.

## રાજકોટમાં મેળામાં આવતા લોકો રામભરોસેઃ૬ ખાનગી મેળામાંથી એક પણને મંજૂરી મળી નથી, ફાયર ઓફિસર જેલમાં, NOC કોણ આપશે?

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ શહેરના નાના મવા રોડ પર આવેલ ઝછ્છ ગેમઝોનમાં થયેલ અગ્નિકાંડમાં ૨૭ લોકોના મોત બાદ તંત્ર દ્વારા મેળા તેમજ એમ્યુઝમેન્ટ પાર્ક માટે કડક જાધડ બનાવવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર જન્માષ્ટમીના પર્વ પર મેળાનું આયોજન થતું હોય છે અને તેમાં પણ રાજકોટમાં સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાનું આયોજન કરવામાં આવતું હોય છે. આ મેળામાં સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાંથી ૧૨ થી ૧૫ લાખ લોકો આવી મેળાની મજા માણતા હોય છે. મેળામાં લોકો ચકડોળમાં બેસતા હોય છે. પરંતુ આ વખતે રાજકોટમાં મેળો ખુદ ચકડોળે ચડી ગયો હોય તેવો ઘાટ ઘડાયો છે. રાજકોટમાં લોકમેળાની સાથે સાથે અલગ અલગ ૬ જગ્યાએ ખાનગી





મેળાનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમને મંજૂરી પોલીસ કમિશનર ક્ચેરી ખાતેથી આપવામાં આવતી હોય છે. પરંતુ ૨૧ ઓગસ્ટ સુધીના સમયમાં એક પણ ખાનગી મેળાને મંજૂરી આપવામાં ન આવી હોવાનું સામે આવ્યું છે અને એક આયોજકે તો મંજૂરી માટે એપ્લાય પણ હજુ સુધી કર્યું નથી. બીજી તરફ મનપામાં ડેપ્યુટી CFO અને ઈશ્રદ્ધ જેલમાં બંધ હોવાથી હવે ખાનગી તેમજ લોકમેળામાં ફાયર ગઘઈ કોણ આપશે તે સૌથી મોટો સવાલ અહીં ઊભો થઇ રહ્યો છે.

રાજકોટ શહેરમાં આ વખતે લોકમેળાની સાથે સાથે કુલ ૬ જગ્યાએ ખાનગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શીતલ પાર્ક ચોક, નાના મવા ચોક, ગ્રીનલેન્ડ ચોક, વિરાણી હાઈસ્કૂલ મેદાન, બાલભવન, સરધાર ખાતે મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પૈકી પોલીસ કમિશનર ક્ચેરી ખાતે કુલ ૪ આયોજકો દ્વારા ૨૧.૦૮.૨૦૨૪ સુધીમાં મંજૂરી માટે એપ્લાય કરવામાં આવ્યું છે. જ્યારે ફાયર વિભાગમાં ૫ આયોજકો દ્વારા ફાયર ગઘઈ મેળવવા ઓનલાઈન અરજી કરવામાં આવી છે. રાજકોટ મનપાના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેએ જણાવ્યું હતું કે, આ વખતે જિલ્લા કલેક્ટર દ્વારા મેળામાં ચાર જગ્યાએ ફાયર સ્ટેશન ઊભાં કરવા સૂચના આપી છે એ મુજબ લોકમેળામાં ચાર જગ્યાએ ફાયર સ્ટેશન ઊભાં કરવામાં આવશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# અંબિકા ટાઉનશિપ નજીક જાહેરમાં ધમધમતા દેશી દારૂના હાટડાઃ સ્થાનિકોએ જનતા રેડ કરી

## સાત વર્ષથી દારૂના હાટડા ધમધમતા હોવા છતા પોલીસે કોઈ કાર્યવાહી નહી કરતી હોવાનો લોકોનો આક્ષેપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના કણકોટ વિસ્તારમાં અંબિકા ટાઉનશિપ પાસે જાહેર માં દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા હતા. જેના લીધે આજુબાજુના લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અનેક રજૂઆત કરી હોવા છતાં પણ સમસ્યાનો નિરાકરણ ન થતા

જનતાએ જ દારૂના અડ્ડા પર રેડ પાડી હતી.અને દારૂ છુપાવવાના ત્રણ ચોર ખાના પણ મળી આવ્યા હતા.જ્યારે મહિલાઓ રણચંડી બનતા સ્થાનિક પોલીસ પણ દોડી આવી હતી.



આ અંગેની માહિતી મુજબ શહેરમાં અંબિકા ટાઉનશિપ પાસે છેલ્લા ઘણા સમયથી દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. અને આ અડ્ડા પર સ્થાનિક પોલીસ દરોડો પાડે છે. બાદમાં બે દિવસ બંધ રહી આ દારૂના અડ્ડા ફરી ધમધમવા લાગે છે. ત્યારે અહીં રહેતા લતાવાસીઓ ગઈકાલે આ દારૂના અડ્ડાઓથી કંટાળ્યા હતા. અને મહિલાઓએ અહીં જનતા

રેડ કરી હતી.લોકોના ટોળા આવતા જ દારૂડિયાઓ નાશી છૂટયા હતા.

સ્થાનિક લોકોએ પોલીસની પોલ ખોલી હતી. અને દારૂના અડ્ડા પરથી દારૂ છૂપાવવા માટેના જમીનની અંદર ત્રણ ચોર ખાના પણ મળી આવ્યા હતા. બીજી બાજુ આ ઘટનાની જાણ તાલુકા પોલીસને થતાં ટીમો દોડી આવી હતી. અને મહિલાઓને શાંત કરવાનો પ્રયત્ન કર્યો હતો.જ્યારે પોલીસ દ્વારા હપ્તા ઉપરાવી દારૂના અડ્ડા ચાલવા દેવામાં આવતા હોવાના આક્ષેપો પણ રહેવાસીઓએ કર્યા હતા.

બે વર્ષથી ધંધો બંધ કરી દીધો હોવાનું કહી મહિલા બુટલેગરનો બચાવ અંબિકા ટાઉનશિપમાં મહિલાઓ દ્વારા દેશી દારૂના અડ્ડા પર દરોડા પડતાંની સાથે જ બુટલેગરોમાં દોડધામ મચી જવા પામી હતી. જયારે અહી જેના મકાનમાં દારૂનું વેચાણ થતું હતું.તે મહિલા બુટલેગર સ્થાનિકોના હાથમાં આવી જતાં તેને ઘેરી લેવામાં આવી હતી.અને ઘટનાની જાણ થતાં જ તાલુકા પોલીસ દોડી આવી હતી.તો બીજી બાજુ મહિલા બુટલેગરે પોતાનો બચાવ કરતાં અહીં બે વર્ષથી દારૂનો ધંધો બંધ કરી દીધા હોવાનું કહ્યુ હતું. તો સ્થાનિકોએ પુરાવા રૂપે દેશી દારૂનું વેચાણ થતાં હોવાનો વિડીયો પણ પોલીસને રજૂ કર્યો હતો.

# રાજકોટના યુવાનને મરવા મજબુર કરનાર વિરમગામના PSIજામીન રદ્દ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના યુવકના આપઘાત કેસમાં પકડાયેલ વિરમગામના પીએસઆઈ સામે મરવા મજબુર કર્યાની ફરિયાદ નોંધાયા બાદ ધરપકડ થતા બાદ જેલ હવાલે થયેલ ફોજદારે સેશન્સ કોર્ટમાં કરેલી રેગ્યુલર જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. આ કેસની વિગત એવી છે કે રાજકોટના દિપકભાઈ હરજીવનભાઈ ધ્રાંગધરીયાના પત્નીએ પતિને મરવા મજબુર કરવા અંગે લોધિકા પોલીસ સ્ટેશનમાં વિરમગામના પી.એસ.આઈ. હિતેન્દ્ર મોહનભાઈ પટેઈ સામે ફરિયાદ નોંધાવી હતી કે, પતિએ આપઘાત પહેલા રાજકોટ પોલીસ કમિશ્નરને સંબોધીને વીડિયો બનાવેલ જેમાં આરોપીએ દારૂનાં કેસમાં ૩ લાખ લઈ ગુજરનારને જેલહવાલે કરેલ ત્યારબાદ અન્ય દારુના કેસમાં ગુજરનારનું ખોટી રીતે નામ છે તેમ કહી ૧૦ લાખ માંગ્યા હતા જેથી ગુજરનારે ત્રાસીને આત્મહત્યા કરતો હોવાનું જણાવતો વીડિયો બનાવી ખાંભા ગામે મંદિર પાસે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો સુપ્રીમ કોર્ટ સુધી આગોતરા જામીન અરજી કરી હતી. જોકે, તે વિથ ડ્રો કરી હતી અંતે ધરપકડ થઈ હતી અને આરોપી પીએસઆઈ હિતેન્દ્ર પટેલને જેલહવાલે કરાયો હતો જેલમાંથી આરોપીએ ગોંડલ સેશન્સ કોર્ટ સમક્ષ રેગ્યુલર જામીન અરજી કરેલ હતી. ફરિયાદીનાં એડવોકેટએ દલીલ કરેલ કે, ગુજરનારે વિડીયો બનાવેલ હોય જેમાં આરોપી દસ લાખની લાંચ માંગતા હોય તેવું જણાવેલ છે જેને એવીડન્સ એકટની કલમ-૩૪ અન્વયે મરણોન્મુખ નિવેદન તરીકે ગણી શકાય ગોંડલના સેશન્સ જજે રેગ્યુલર જામીન અરજી રદ કરી હતી.

# કાલવાડ રોડ પર કાફે અને કુવાડવા રોડ પર ડેલામાં ચાલતી જુગાર કબલ પર પોલીસ ત્રાટકી

- ક્રાઈમ બ્રાંચ અને સ્થાનિક પોલીસે રેડ કરી જુગાર રમતા ૧૮ શખ્સોને દબોચી લઈ રૂા.૧.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જન્માષ્ટમીનો તહેવાર આવતાની સાથે જ ઠેર-ઠેર જુગાર રમવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ત્યારે યુનિવર્સિટી પોલીસે કાલાવડ રોડ પરના બુલ્સ કેફેમાં ચાલતી જુગાર ક્લબ પર ક્રાઈમ બ્રાન્ચે અંબિકાટાઉન શીપમાં ડોક્ટરની પ્રેક્ટિસ કરતાં યુવકના ફ્લેટમાં અને બી ડિવિઝન પોલીસે મોરબી રોડ પર ધરતી ટીમ્બરના ડેલામાં દરોડા પાડી ૧૮ને પકડી કુલ રૂ.૧.૩૫ લાખની રોકડ જપ્ત કરી છે. પ્રથમ દરોડાની માહિતી મુજબ કાલાવડ રોડ પર મટુકી રેસ્ટોરન્ટ પાસે આવેલા બુલ્સ કાફેમાં જુગાર ક્લબ ચાલતી હોવાની યુનિવર્સિટી પોલીસના એ. એસ.આઈ.સમીર શેખને બાતમી મળતા સ્ટાફ સાથે બુલ્સ કાફેમાં દરોડો પાડી રૂમમાં જુગાર સંચાલક રામ લાખાભાઈ ખુંટી, કોઠારીયા સીતા દેવપરાના કેટરર્સના ધંધાર્થી રામ કિશોર અજાણી,યુનિવર્સિટી રોડ પંચાયત ચોક પાસે નંદનવન સોસાયટીમાં રહેતા અને પઢીયાર, યુનિવર્સિટી નં. ૨૧૬ ના હાર્દિક હસમુખભાઈ સીણોજીયા, અટલ સરોવર સામે ( ક્રીસ્ટલ એવન્યુ એપાર્ટમેન્ટના મોહંમદઝેદ ઈરફાન અહેમદ પીરઝાદાને પકડી રૂા. ૧૬૫૦૦ની રોકડ સહિતની મતા કબ્જે કરી હતી. બીજો દરોડો ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંબીકા ટાઉનશિપમાં શ્રી દર્શન વાટીકા ફલેટ નં ૧૦૩માં પાડી ડોક્ટરની પ્રેક્ટિસ કરતાં ફલેટ માલીક પ્રશાંત ભરત સોલંકી, રાકેશ રણછોડ સાવલીયા, દીપ દીનેશ કાજીયા, જય નિલેશ ભલાણી અને વિશાલ ચંદુભાઈ વડાલીયાને પકડી લઈ રૂા. ૬૪૩૫૦ ની રોકડ સહિતની મત્તા કબ્જે કરી હતી. ત્રીજો દરોડો મોરબી રોડ લાલપરી મફતીયાપરા શીવાજીનગરમાં આવેલ ધરતી ટિમ્બર નામના ડેલામાં બી ડિવિઝન પોલીસે પાડી સંચાલક મગન વેલજીભાઈ પાનસુરીયા, નિલેશ રાઘવભાઈ પાનસુરીયા, અશ્વીન મકનભાઈ નાથાણી, અંકુર ભનુભાઈ અકબરી, ધ્રુવીલ ઘેલાભાઈ નાથાણી, નક્ષીત શૈલેષભાઈ રામાણી અને સંદીપ બળેલીયાને પકડી લઈ રૂા. ૫૨,૭૦૦ ની રોકડ જપ્ત કરી હતી.

# પોલીસ હેડ ક્વાર્ટરમાં પોલીસમેનના પુત્રનો આપઘાતનો પ્રયાસ

## નહેરૂનગર અને ખોડિયાર પરા સહિત ચાર સ્થળોએ ચાર વ્યક્તિના આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં સેન્ટ્રલ જેલ પાછળ આવેલા પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેતા પોલીસ પુત્રએ નોકરીની ચિંતામાં ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ પોપટપરા વિસ્તારમાં સેન્ટ્રલ જેલ પાછળ આવેલા પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેતા પોલીસ પુત્ર સંતોષ અજયભાઈ નિમાવત નામના ૧૯ વર્ષના યુવાને મામા સાહેબના મંદિર પાસે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં સંતોષ બે ભાઈમાં મોટો છે અને કોલેજનો અભ્યાસ પૂર્ણ થયા બાદ નોકરીની ચિંતામાં પગલું ભર્યુ હોવાનું જાણવા મળ્યું છે. બીજા બનાવમાં નાના મવા મેઈન રોડ ઉપર આવેલા નહેરુનગરમાં રહેતા રવુબા માનસિંગજી ગોહિલ નામના ૯૫ વર્ષના વૃદ્ધાએ બીમારીથી કંટાળી જાત જલાવી લીધી હતી. ગંભીર રીતે દાજી ગયેલા વૃદ્ધાને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગોંડલ રોડ ઉપર આવેલ ખોડીયારનગરમાં રહેતી સીમાબેન જયેન્દ્રભાઈ ગુજ્જર નામની ૨૭ વર્ષની પરણીતાએ કોઈ અગમ્ય કારણસર ફીનાઈલ લીધું હતું. જ્યારે મુસ્લિ લાઈનમાં રહેતી શેનીલાબેન તાહીરભાઈ શેખ નામની ૨૧ વર્ષની પરિણીતાએ બીમારીની વધુ પડતી ગોળીઓ ખાઈ માથે ફિનાઈલ ગટગટાવી લીધું હતું. તેમજ માર્કેટ યાર્ડ પાસે આવેલા સાગરનગરમાં રહેતી રાધિકાબેન ગુણવંતભાઈ ખીમાણી નામની ૧૯ વર્ષની યુવતીએ કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. જલનશીલ પ્રવાહી પી લેનાર યુવતી અને બે પરિણીતાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીની સિરામીક ફેક્ટરીમાં બે કૌટુંબિક શખ્સોએ સગીરાને પીંખી નાખી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના લખધીરપુર રોડ ઉપર મધ્યપ્રદેશથી પેટિયું રડવા આવેલ પરિવારની સગીરવયની દીકરી ઉપર કૌટુંબિક સગા એવા બે નરાધમ શખ્સોએ વારંવાર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવી દેતા મોરબી તાલુકા પોલીસ મથકમાં ખુદ સગીરાએ હિંમત દાખવી ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ચોંકાવનારા બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબીના લખધીરપુર રોડ ઉપર સિરામિક ફેક્ટરીમા કામ કરતા મધ્યપ્રદેશના વતની પરિવારની સગીર વયની દીકરી ઉપર કૌટુંબિક સગા એવા ડેલન આહીરવાલ અને મનીષ આહીરવાલ રહે.ગઢાકોટા, જિલ્લો.સાગર, મધ્યપ્રદેશ વાળાઓએ સગીરા પોતાના સગામાં થતી હોવાનું જાણવા છતા અવાર નવાર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવી ધમકી આપતા બનાવ અંગે સગીરાએ જ જાતે ફરિયાદી બની બન્ને નરાધમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ મામલે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

# નવાગામ પાસે નદીમાં ન્હાવા પડેલો યુવાન ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા મોત

## માતા અને ભાઈ સાથે કપડાં ધોવા ગયેલો યુવાન ન્હાવા પડતા કાળ ભેટ્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં કવાડવા રોડ ઉપર આવેલા રૂડા ટ્રાન્સપોર્ટનગર સામે ઝુપડપટ્ટીમાં રહેતો યુવક માતા અને મોટાભાઈ સાથે નવાગામ ખાતે નદીમાં કપડાં ધોવા ગયો હતો ત્યારે યુવાન નદીમાં ન્હાવા પડતા યુવકનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું.

યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કુવાડવા રોડ ઉપર રૂડા ટ્રાન્સપોર્ટનગર સામે આવેલી ઝુપડપટ્ટીમાં રહેતા રામાભાઈ જગદીશભાઈ જીલીયા નામનો ૨૦ વર્ષનો યુવાન બપોરના અરસામાં નવાગામ ખાતે આવેલી નદીમાં ન્હાવા પડ્યો હતો. નદીમાં નાહવા પડેલો યુવાન ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ભારે શોધખોળ બાદ યુવકનો મૃતદેહ હાથ લાગ્યો હતો. યુવકના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.પ્રાથમિક પૂછપરછમાં મૃતક રામ જીલીયા ચાર ભાઈ બે બહેનમાં નાનો છે. અને ભંગારની ફેરી કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો. રામ જીલીયા પોતાની માતા લાભુબેન અને મોટાભાઈ ગોપાલ સાથે નવાગામ ખાતે નદીમાં કુપડાં ધોવા માટે ગયો હતો ત્યારે નદીમાં ન્હાવા પડતા ડૂબી જવાથી મોત નીપજ્યુ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ટુર એન્ડ ટ્રાવેલ્સના નામે અખબારના પૂર્વ તંત્રી સાથે રૂા.૩.૩૫ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં નિર્મળા સ્કૂલ રોડ પર આવેલ બાલમુકુંદ પ્લોટ શેરી નં.૧માં શિલ્પા એપાર્ટમેન્ટમાં રહેતા અને અખબારના પૂર્વ તંત્રી કૌશિકભાઈ વૃજલાલભાઈ મહેતા (ઉ.વ.૫૮)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં હિમાંશુ યાદવનું નામ આપતાં જણાવ્યું હતું કે, આજથી બે વર્ષ પૂર્વે તેમને ફેસબૂકમાં માઉન્ટેન મૂવર્સ નામની ટૂર અને ટ્રાવેલ્સની જાહેરાત જોતા તેમાં સંપર્ક કરતા સામેવાળા વ્યક્તિએ પોતાનું નામ હિમાંશુ યાદવ જણાવ્યું હતું જેથી કૌશિકભાઈએ પોતાના પરિવાર સાથે હતું જ કાશ્મીરના ટૂર પેકેજનો ભાવ પૂછ્યો હતો જેમાં હિમાંશુ યાદવે એક જણા દીઠ ૨૬,૮૦૦ રૂપિયા જણાવ્યું હતું.

પ્રથમ તો કૌશિકભાઈને આરોપી પણ વિશ્વાસમાં આવ્યો હતો જેથી આરોપી હિમાંશુએ કૌશિકભાઈને તેના જૂના ગ્રાહક કે જેઓ રાજકોટ રહે છે તેમની સાથે ફોનમાં વાતચીત કરાવી હતી જેથી કૌશિકભાઈને માઉન્ટેન મૂવર્સ કંપની પર ભરોસો આવતા તેમને પોતાનું, તેમની પત્નીનું, દીકરાનું તેમજ તેમના કૌટુંબિક બે ભાઈઓનું ટૂર પેકેજ બૂક કરવાની વાત કરી હતી અને કટકે-કટકે આરોપી હિમાશુના કોટમ મહિન્દ્રા બેન્કના ખાતામાં કુલ રૂા.૩.૩૫ લાખ જમા કરાવ્યા હતા. સમય જતાં આરોપી હિમાશુએ કોઈપર પ્રકારની ટિકિટ કે પેકેજની માહિતી ન આપતા તેઓને પોતાની સાથે ફોડ થયો હોવાનુ માલુમ પડય જેથી સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરમાં ફોન પર અરજી લખાવી હતી. અને તે અરજી બાદ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસમાં પીઆઈ આર.જી. પઢિયારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરમાં મુસાફરોને રીક્ષામાં બેસાડી ખિસ્સા હળવા કરતી ગેંગના બે સાગ્રીત ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચની ટીમે રીક્ષા સાથે દબોચી લઈ રૂા.૧.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં બે દિવસ પૂર્વે કામ સબબ આવેલા યુવકને રીક્ષામાં બેસાડી તેની નજર ચૂકવી ૪૦ હજાર થેલીમાંથી સેરવી લઈ અટીકા ફાટક પાસે નીચે ઉતારી દઈ નાશી છુટેલ અજાણ્યા શખ્સો સામે માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાતા ડીસીબીએ આ ગુનાનો ભેદ ઉકેલી નાખી બે શખ્સોને દબોચી લઈ રોકડ, મોબાઈલ, રીક્ષા સહીત ૧.૭૨ લાખો મુદામાલ કબજે કર્યો છે.

રાજકોટ આવેલા નરેન્દ્રભાઈ મકવાણા રીક્ષામાં બેઠા બાદ સાથે બેઠેલા બે શખ્સો પૈકી એકએ મારો પગ દુખે છે થોડા સાઈડમાં બેસો ને તેમ કહેતા પોતે થોડા દુર બેઠા હતા.



તે દરમિયાન અટીકા ફાટક પાસે રિક્ષાચાલકે રીક્ષા ઉભી રાખી તમે નથી જોઈતું અહીં ઉતરી જાવ ભાડુ નથી જોઈતુ કહી ઉતારી મુકતા શંકા જતા થેલી ચેક કરતા અંદરથી ૪૦ હજાર ગાયબ હતા જેથી આ અંગે માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી દરમિયાન ડીસીબી પીએસઆઈ એ એન પરમાર અને ટીમે બાતમી આધારે વાણીયાવાડીના જેનીશ રાજેશભાઈ ચૌહાણ અને વેલનાથપરાના દીપક કરમશીભાઈ સોલંકીને દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખી રોકડા ૧૯ હજાર, એક મોબાઈલ અને રીક્ષા સહીત ૧.૭૨ લાખનો મુદામાલ કબજે કર્યો છે બંને શખ્સો ૩-૩ ગુનામાં પકડાઈ ચૂક્યા હોવાનું જાણવા મળ્યું છે.

# ટંકારાના મિતાણા નજીક ટ્રક હડફેટે બાઈક સવાર રાજકોટનું દંપતી ખંડિત થયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રક્ષાબંધનનો તહેવાર પૂર્ણ કરી ટંકારા તાલુકાના શક્તિનગર ગામથી બાઈક ઉપર પરત રાજકોટ જય રહેલા દંપતીને મિતાણા નજીક રોડ અકસ્માત નડ્યો હતો જેમાં લોખંડ ભરેલ ટ્રકે મિતાણા ઓવરબ્રિઝ નીચે સર્વિસ રોડ ઉપર બાઈકને હડફેટે લેતા પતિ પત્ની બાઈક નીચે પટકાયા હતા. ત્યારે પત્ની રોડ ઉપર પડી જતા ટ્રકનું વ્હીલ તેના ઉપર ફરી વળતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું જ્યારે પતિને પગના ભાગે મૂંઢ ઈજાઓ પહોંચી હતી. હાલ અકસ્માતના બનાવ બાબતે ટ્રક ચાલક વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ટંકારા તાલુકાના શક્તિનગરના વતની હાલ રાજકો-મોરબી રોડ બ્રાહ્મણી પાર્ક-૨ માં રહેતા ગણેશભાઈ મેઘજીભાઈ ગજેરા ઉવ.૬૧ અને તેમના પત્ની ગોદાવરી બહેન ગત તા.૧૯/૦૮ના રોજ રક્ષાબંધનના તહેવાર નિમિતે પોતાના વતન શક્તિનગર ગામે આવ્યા હતા જ્યાંથી સાંજે હોન્ડા સાઈન બાઈક રજી. જીજે-૦૩-એમએફ-૬૮૩૮ ઉપર રાજકોટ પરત જઈ રહ્યા હોય ત્યારે મિતાણા ઓવરબ્રીજ નીચે સર્વીસ રોડ ઉપર ટ્રક રજી.જીજે-૧૨-એટી-૮૪૮૭ના ચાલકે પોતાનો ટ્રક પુર ઝડપે ચલાવી બાઈકને સાઈડમાંથી અથડાવતા ગણેશભાઈ અને ગોદાવરીબેન બાઈક નીચે પડી ગયા હતા, ત્યારે ગોદાવરીબેન રોડ ઉપર પડતા તેની ઉપર ટ્રકનું પાછળનું વ્હીલ ફરી વળતા તેમને માથામાં ગંભીર ઈજા પહોંચતા તેમનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. જ્યારે ગણેશભાઈને ઢીંચણમાં મૂંઢ ઈજાઓ પહોંચી હતી. સમગ્ર અકસ્માતના બનાવ બાબતે ગણેશભાઈએ ટ્રક ચાલક આરોપી સામે ફરિયાદ નોંધાવતા ટંકારા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સામાકાઠે તબિબનો અભ્યાસ કરતી યુવતિનો ધરાર પ્રેમીના ત્રાસથી આપઘાતનો પ્રયાસ


## ડોક્ટરનો અભ્યાસ કરતી છાત્રા સાથે છેલ્લા ૪ વર્ષથી ભગવતીપરાનો શખ્સ ધરાર સંબંધ રાખવા દબાણ કરતો હતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભગવતી પરા વિસ્તારમાં રહેતી અને ડોકટરનો અભ્યાસ કરતી યુવતિ પાછળ છેલ્લા ચાર વર્ષથી ધરાર પ્રેમીપડી ગયો હતો અનેસબંધ રાખવા માટે વારંવાર દબાણ કરતો હતો. ત્યારે આજે આ યુવતિને ફરી વખત ધરાર સબંધ રાખવા માટે દબાણ કરી ફડાકો ઝીંકી દેતા કંટાળી ગયેલી યુવતિએ ઝેરી ટીકડા ખાઈ લેતા સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, ભગવતીપરા વિસ્તારમાં રહેતી અને ડોકટરનો ઓનલાઈન અભ્યાસ કરતી ૧૯ વર્ષની યુવતી ગઈકાલે પોતાના ઘરે હતી ત્યારે બિમારીની વધુ પડતી ગોળીઓ પી લીધી હતી. યુવતીને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડીવીઝન પોલીસને જાણ કરી હતી. જાણ થતાં જ બી ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને બિમારીની વધુ પડતી દવા પી લેનાર યુવતીનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી.

આ અંગે બિમારીની દવા પી લેનાર યુવતીની પ્રાથમિક પુછપરછમાં તેના પિતા રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેણી એક ભાઈ ત્રણ બહેનમાં મોટી છે અને હાલ ડોકટરનો ઓનલાઈન અભ્યાસ કરે છે. યુવતી શ્રોફ રોડ પર આવેલી લાઈબ્રેરીમાં નિત્ય ક્રમ મુજબ દરરોજ અભ્યાસ કરવા માટે જાય છે ભગવતીપરા વિસ્તારમાં જ રહેતા જતીન નામનો શખ્સ યુવતીને છેલ્લા ચાર વર્ષથી ધરાર સંબંધ રાખવા દબાણ કરી રહ્યો છે અને ગઈકાલે યુવતી શ્રોફ રોડ પર આવેલી લાઈબ્રેરીમાંથી ઓનલાઈન અભ્યાસ કરી ઘરે પરત ફરી રહી હતી ત્યારે જતીન નામના શખ્સે પીછો કરી તેણીને ધરાર સંબંધ રાખવા ધાક ધમકી આપી ફડાકો મારી દીધો



હતો. ધરાર પ્રેમીએ ફડાકો મારી દેતાં યુવતીએ આવેશમાં આવી પોતાના ઘરે ચાલી ગઈ હતી અને તેણીએ બિમારીની વધુ પડતી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માલવિયા નગર પોલીસ સ્ટેશન મહિલા PSIનો લાંચ માંગતો ઓડિયો વાયરલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટે સૌથી વધુ બદનામ એવા પોલીસ વિભાગ ની એક મહિલા પી.એસ.આઈ.નો લાંચ માંગતો ઓડિયો વાયરલ થતા ભારે ચકચાર મચી ગઈ છે.

આ અંગેની સુત્રોમાંથી મળતી માહિતી મુજબ માલવીયાનગર પોલીસ સ્ટેશનના મહિલા પી.એસ. આઈ વાછાણી દ્વારા કોઈ મહિલા વકીલ ના ઓળખીતા માટે લાંચની માંગણી કરાતી હોવાની ઓડિયો કલીપ વાયરલ થઈ છે. કાનૂનના જાણકાર મહિલા પી.એસ.આઈ આવી ગેરકાનૂની ગતિવિધિમાં ફોન રેકોર્ડ ન થાય તે માટે વોટ્સએપ ઓડિયો કોલનો ઉપયોગ કરતા જોઈ શકાય છે. લાંચ આપવા માટે પ્રારંભિક તબક્કે વાતચીત થયાં બાદ આ કોલ રેકોર્ડિંગ કરવામાં આવ્યું હોવાનું મનાઈ રહ્યું છે. જેમાં ક્યાં અને કંઈ રીતે લાંચ ની રકમ આપવી અને અને કથિત આરોપીનું માત્ર નિવેદન નોંધીને જ જવા દેવાની વાત કરવામાં આવી રહી છે. જેમાં સમય અને સંજોગો અંગે આનાકાની બાદ છેલ્લે બન્ને પક્ષે સહમતી સધાતી હોવાનું સાંભળી શકાય છે. અટકાયતી પગલા ન ભરવા અને માત્ર નિવેદન નોંધીને કથિત આરોપીને ઘેર જવા દેવાની બાંહેધરી લેવાતી હોવાનું સાંભળી શકાય છે.

ઓડિયો કિલપ ગઈ કાલે મોડી સાંજે સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ બેડામાં ભારે હડકંપ મચી ગયો છે ત્યારે હવે જોવું રહ્યું કે કથિત ઓડિયો કિલપ મામલે કેવા પગલા ભરવામાં આવે છે. લાંચ માંગનારા મહિલા પી.એસ.આઈ ની ઓળખ તો ઉજાગર થઈ છે પણ લાંચ આપવા માંગતા કથિત આરોપીની ઓળખ હજુ સુધી છતી થઈ નથી.

જોકે આ ઓડિયો વાયરલ કરનાર દ્વારા પીએસઆઈ પર આક્ષેપ કર્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.